# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/ તા.૦૩/૦૫/૨૦૨૦

**પરિપત્ર-૨૦૪૪**

વિષય : ગુજરાત સ્થાપના દિન નિમિત્તે ડિજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત.

સંદર્ભ : (૧) આ યુનિવર્સિટીનો તા.૩૦/૦૫/૨૦૨૦ નો પરિપત્ર-૨૦૪૩

(૨) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૧/૦૫/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક : મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ/ભવનોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ દર્શિત પરિપત્રથી પોતાની અને પોતાના પરિવારની ચિંતા કર્યા વગર આપણા માટે સદાય ફ્રન્ટલાઈન પર અડગ એવા તમામ કોરોના વોરીયર્સની કામગીરીને બિરદાવવા, તેમના પ્રોત્સાહનામાં વધારો કરવા અને તેમને સન્માનિત કરવા માટે આપને આપની સંસ્થા ખાતે "ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરીયર્સની ભૂમિકા" વિષય ઉપર ડિજીટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરી ૧ લી મે એટલેકે ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરવા જણાવવામાં આવેલ હતું. જેના સ્થાને સંદર્ભ-૨ માં દર્શાવેલ પરિપત્ર અનુસાર આ સ્પર્ધાઓ હવે યુનિવર્સિટી કક્ષાએ આયોજિત કરવાની થતી હોય આપને આપની કોલેજમાં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓ આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માંગતા હોય તેની યાદી આ સાથે સામેલ માહિતી પત્રકમાં તૈયાર કરી તા.૦૪/૦૫/૨૦૨૦ સાંજના ૦૫:૦૦ કલાક સુધીમાં ઈ-મેઈલ આઈ.ડી. registrar@sggu.ac.in પર Times New Roman ફોન્ટમાં એમ.એસ. એક્સેલ ફોરમેટમાં મોકલી આપવાની રહેશે. તથા જે વિદ્યાર્થીઓ આ સ્પર્ધાઓમાં ભાગ લે તેમની અનુકુળતા અને ઉત્તમ સર્જન થઈ શકે તે માટે સ્પર્ધાના નિયમોથી માહિતગાર કરી તેમની રચના/કૃતિઓ આપની કક્ષાએથી માત્ર સોફ્ટ કોપી સ્વરૂપે એકત્રિત કરી તા.૧૦/૦૫/૨૦૨૦ સાંજના ૦૫:૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત ઈ-મેઈલ આઈ.ડી. પર મોકલી આપવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને સંસ્થા ખાતે બોલાવવા કે યુનિવર્સિટી ખાતે મોકલવા નહિ. વધુમાં આ સ્પર્ધાના વિજેતા ઉમેદવારોને સંદર્ભ-૨ દર્શિત પરિપત્ર અનુસાર ક્રમ અનુસાર ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે જેની નોધ લઈ સંબંધિત વિદ્યાર્થીઓને આની માહિતી આપવા તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આમાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા વિનંતી છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ :

(૧) સંદર્ભ-૨ દર્શિત પરિપત્ર (૨) નિયત નમૂનાનું માહિતી પત્રક (૩) સ્પર્ધાના સામાન્ય નિયમો

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ/ભવનોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**By Mail**

ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી,
બ્લોક નં. ૧૨/૨, ડૉ જે.એમ. ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૦૧/૦૫/૨૦૨૦.

વિષય :- ગુજરાત સ્થાપના દિન નિમિતે યુનિવર્સીટી કક્ષાએ ડિજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત.

વંચાણે લીધા :- (૧) અત્રેની કચેરી નો તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮.
(૨) અત્રેની કચેરી નો તા. ૦૧/૦૫/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦.

**પરિપત્ર :-**

આપણે સૌ જાણીએ છીએ તેમ ૧લી મે એટલે ગુજરાતમાં કે ગુજરાતની બહાર વસતા દરેક ગુજરાતી માટે અનોખો દિવસ એટલે ગુજરાતનો સ્થાપના દિવસ.

દર વર્ષે ૧લી મે નાં રોજ ગુજરાત સ્થાપનાદિનની ઉજવણી જુદી જુદી રીતે સંસ્થાઓ અને સરકાર દ્વારા કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે આપ સૌ સુવિદિત છો તેમ ગુજરાત, દેશ અને સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ એટલે કોરોના વાઈરસ એક મહામારી સ્વરૂપે ફેલાયેલ છે. પરિણામ સ્વરૂપ તેની સામે રક્ષણ માટે સરકાર દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે ૨૩ માર્ચ થી સમગ્ર રાજ્યમાં લોકડાઉન જાહેર કરેલ છે. જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતે આ પગલા આવકારી તેનો અમલ કરેલ છે. દરમ્યાન કોરોના વાઈરસ સામે વોરિયર્સ બનીને ગુજરાતી યોદ્ધાઓ ગુજરાતના દરેક ગુજરાતી માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. આવી પરિસ્થિતી નિર્માણ થયેલ હોય ગુજરાતના સ્થાપનાદિનની ઉજવણી આપણા કોરોના વોરિયર્સની કામગીરીને બિરદાવવાના ભાગરૂપે અનોખી રીતે કરવાની થાય છે. આપણે ટેક્નોલોજી નો ઉપયોગ કરીને ઓનલાઈન ડીજીટલ સ્પર્ધાઓ કરાવી આપણા આ યોદ્ધાઓને સન્માનીએ તે માટે ડીજીટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરીને ૧લી મે એટલે ગુજરાત સ્થાપનાદિનની ઉજવણી કરીએ.

ઉપરોક્ત વંચાણે લીધા અત્રેની કચેરીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮ પરિપત્ર અને અત્રેની કચેરીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦ અનુસાર આ ઉજવણીના ભાગ રૂપે યોજાનાર ઉપરોક્ત સ્પર્ધાઓમાં વિષય વસ્તુ **" ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભુમિકા"** રહેશે. આ સ્પર્ધાનું આયોજન યુનિવર્સીટી કક્ષાએ કરવાનું રહેશે. યુનિવર્સીટી કક્ષાએ સ્પર્ધા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ જાહેર કરવાના રહેશે. આ સ્પર્ધા માટેના નિયમો નીચે મુજબના રહેશે.

<u>સ્પર્ધાનાં નિયમો :-</u>

૧. યુનિવર્સીટીએ આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓનું સૌ પહેલા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૨. રજીસ્ટ્રેશન કર્યાના બીજા જ દિવસે સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

૩. આ સ્પર્ધાઓ એક સપ્તાહમાં પુર્ણ કરી ઈ-અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૪. યુનિવર્સીટી કક્ષાએ સ્પર્ધા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય અનુક્રમે રૂ.૧૫૦૦૦/-, રૂ.૧૧૦૦૦ તથા રૂ.૫૦૦૦/- આપવાના રહેશે.

૫. યુનિવર્સીટી કક્ષાએ આ સ્પર્ધાનું સંકલન દરેક યુનિવર્સીટીના રજિસ્ટ્રારશ્રી દ્વારા કરવામાં આવશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

<u>પ્રતિ,</u>

૧. રજીસ્ટ્રારશ્રી, સરકારી યુનિવર્સીટીઓ તમામ.

૨. આચાર્યશ્રી, સરકારી યુનિવર્સીટી સલગ્ન તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/સ્વનિર્ભર કોલેજો (અમલીકરણ અર્થે).

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :-</u>

- માન. ઉપસચિવશ્રી (ખ-શાખા), શિક્ષણ વિભાગ, ગુ.રા. ગાંધીનગર તરફ.

## “Gujarat Sthapna Din” Celebration

## Online Competition

**College Name : ……………………………………………………………………………………………………………………………**

**City : ……………………………………………… Taluka : ……………………………………………… Dist : ………………………………**

**Principal’s Name : ………………………………………………………………………………………………………………………**

**Mo. No. : …………………………………………………………… E-mail : ………………………………………………………….**

| Sr. No. | Student Name | Course & Sem. | Mob. No. | Name of Competition |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ગુજરાત સ્થાપના દિનના ઉપલક્ષ આયોજિત સ્પર્ધાના સામાન્ય નિયમો

- તમામ સ્પર્ધાઓ માટે વિષય "**<u>ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરીયર્સની ભૂમિકા</u>**" રહેશે.
- તમામ રચનાઓ માત્ર સોફ્ટકોપી સ્વરૂપે સ્વીકારવામાં આવશે.
- કવિતા અને નિબંધ ગુજરાતી અથવા અંગ્રજી ભાષામાં લખી શકાશે.
- નિબંધ ૩૦૦ શબ્દોમાં લખવાનો રહેશે.
- વિદ્યાર્થીઓ પોતાની રચના જો હસ્તલિખિત સ્વરૂપે તૈયાર કરવાના હોય તેવા કિસ્સામાં અક્ષરો સુવાચ્ય હોય તેની કાળજી લેવા વિનંતી છે.
- નિબંધ અને કવિતા માત્ર Pdfdf ફોરમેટમાં જમા કરાવવાની રહેશે.
- રચનાની અંતે વિદ્યાર્થીએ પોતાનું અને કોલેજનું નામ લખવાનું રહેશે.
- વિદ્યાર્થીઓએ A3 સાઈઝમાં ચિત્ર તૈયાર કરવાનું.
- આ માટે પોતાને અનુકુળ શૈલીનો અને રંગોનો ઉપયોગ કરી શકશે.
- ચિત્રની બોર્ડરમાં ડાબી બાજુ નીચેના ભાગે વિદ્યાર્થીએ પોતાનું નામ લખવાનું રહેશે.
- ચિત્ર jpeg ફોરમેટમાં જમા કરાવવાનું રહેશે.
- આ સ્પર્ધાના નિયમોમાં ફેરફાર કરવાની અને પરિણામ સંબંધિત તમામ સત્તાઓ યુનિવર્સિટી હસ્તક રહેશે.

સહી/-
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા.